# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

R.C.C.I. Since 1954




Since 1954

**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા MSME ને લગતા વિવિધ પ્રશ્નોની ચર્ચા-વિચારણા માટે ભારત સરકારના MSME એડિશ્નલ કમિશ્નરશ્રીમતી અશ્વિની લાલ મેડમ સાથે મિટીંગ યોજવામાં આવી...**

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજકોટની મુલાકાતે આવેલ ભારત સરકારના MSMEએડિશ્નલ કમિશ્નર શ્રીમતી અશ્વિની લાલ મેડમતથા ઈન્ચાર્જ MSME બ્રાન્ચ DFO રાજકોટ તથા જીલ્લા ઉધોગ કેન્દ્રના જનરલ મેનેજરશ્રી કે. વી. મોરી સાહેબ સાથે MSME ને લગતા વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે રાજકોટ ચેમ્બર કોન્ફરન્સ હોલ ખાતે એક મહત્વની મિટીંગ યોજવામાં આવેલ. જેમાં મોટી સંખ્યામાં વિવિધ એસોસીએશનોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહયા હતા.

મિટીંગના પ્રારંભે રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રાએ સૌને આવકારી રાજકોટ સૌરાષ્ટ્રના વેપાર-ઉધોગના પ્રશ્નોને વાચા આપવા રાજકોટ ચેમ્બર અગ્રેસર રહી મહત્વની ભુમિકા ભજવે છે. ત્યારે MSME નો પણ વ્યાપ વધે અને તેઓને પડતી મુશ્કેલીઓનું નિરાકરણ લાવવા મિટીંગનું આયોજન કરેલ છે.

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા પ્રશ્નો-સુચનો રજુ કરવામાં આવેલ. જેવાકે રાજકોટ-સૌરાષ્ટ્રનું હબ હોય તેમજ MSME નો વ્યાપ ખુબ જ વધારે હોવાથી તેઓની મહત્વકાંક્ષાા પરીપુર્ણ કરવા માટે રાજકોટ ખાતે તમામ સુવિધાઓ સાથેનું MSME ભવન બનાવવું ખાસ જરૂરી છે. આ પ્રકારનું MSME ભવન અમદાવાદ ખાતે કાર્યરત છે.

રાજકોટ ખાતે કન્વેન્શન સેન્ટર ફાળવવાની ઘણા વર્ષોથી માંગણી પેન્ડીંગ છે. તો આ બાબત ખાસ ધ્યાને રાજકોટના NSIC ગ્રાઉન્ડમાં આશરે ૩૨ એકર જગ્યાનું પ્રોવીઝન કરી કનવેન્શન સેન્ટર ફાળવવું.

મનરેગા હેઠળ સરકાર દ્વારા જે ચુકવણું કરવામાં આવે છે તે જ રકમ જો મનરેગા હેઠળના કામદારોને MSME એકમોમાં કામગીરી સોપવામાં આવે તો લઘુતમ વેતનમાં કોઈ ફેર પડતો નથી અને આ સંપર્ણ વ્યવહાર પુર્ણતયા પારદર્શક હોવાને કારણે કોઈ નાણાંકિય ગેરરીતી થવા પામશે નહી.

પ્રધાનમંત્રી એમ્પ્લોયમેન્ટ જનરેશન પ્રોગ્રામ સ્કીમ (PMEGP) માટે સરકારશ્રી દ્વારા કરોડો રૂપિયાની ફાળવણી કરવામાં આવેલ છે તો તે રકમનો વપરાશ ખુબ જ ઓછો થતો હોય તેવું

લાગી રહ્યું છે તેથી આ સ્કીમની MSME એકમોમાં અવરનેશ લાવીને વધુને વધુ લાભ તેઓ મેળવે તેવી વ્યવસ્થા કરવી.

વિદેશોમાં યોજાતા ટ્રેડ ફેર અને ઔધોગીક પ્રદર્શનોમાં ભારતીય ઉત્પાદકો, વાણિજયીક એકમો તથા નિકાસકારો ભાગ લઈ શકે તે માટે સરકારશ્રી દ્વારા રૂા.૫ લાખ સુધીની સહાય મર્યાદા નકિક કરવામાં આવેલ છે. પરંતુ વર્તમાન પરિસ્થિતિ અને સંજોગોને ઘ્યાને લેતા આ સહાય મર્યાદાની રકમ વધારવી ખાસ જરૂરી છે. ત્યાર બાદ ઉપસ્થિત વિવિધ એસોસીએશનના પ્રતિનિધિઓ દ્વારા પ્રશ્નો-સુચનો ધ્યાને મુકવામાં આવેલ.

મિટીંગમાં ખાસ ઉપસ્થિત ભારત સરકારના MSME એડિશ્નલ કમિશ્નર શ્રીમતી અશ્વિની લાલ મેડમએ રાજકોટ ચેમ્બર દ્વારા યોજવામાં આવેલ મિટીંગ પ્રત્યે આભારની લાગણી વ્યકત કરતા જણાવેલ કે, સરકારશ્રી દ્વારા MSME એકમોને ખુબ જ પ્રોત્સાહીત કરવામાં આવી રહયા છે. ત્યારે MSME એકમોનો વધુ ને વધુ વિકાસ

થાય તે માટે અનેક સબસીડી સ્કીમો અમલમાં મુકેલ છે. તો તેનો ખાસ લાભ લેવા અનુરોધ કરેલ. તેમજ દર ત્રણ ત્રણ મહિને MSME ના ડેવલોપ માટે કોઈપણ પ્રશ્નો-સુચનો હોય તો મોકલી આપવા. વધુમાં આજ રોજ જે જે પ્રશ્નો-સુચનો રજુ કરવામાં આવ્યા છે તેનું યોગ્ય નિરાકરણ લાવવા પ્રયત્ન કરીશું.

સમગ્ર મિટીગનું સંચાલન રાજકોટ ચેમ્બરના માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ કરેલ તેમજ આભાર વ્યકત કારોબારી સભ્યશ્રી નરેશભાઈ શેઠએ કરેલ. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.